The Q/A's given below are taken from ***"Dini Avaz"*** and are answered by Religious Scholar Mr. Adi Doctor.

**Q. I am confused. With Parsees having three calendars and, therefore, three Muktads, which are the real days? When do the souls come down and when the Fravashis ?**

**A.** The two calendars, which the majority of the Parsees follow, namely, the **Shahenshai** and the **Kadimi,** fall under the group, **Hushmordi,** that is, there is no intercalation of either one day after every four years or a month after every 120 years. It's a simple calendar of 360 days + 5 Gatha days. The other calendar, which we call **Fasli** or **Dinee Saal** is known as **Hu-shmar-e-Vahizaki,** that is because of the intercalation of one day every four years, It is in tune with Nature. We shall not go into the details about the meaning and importance of these calendars as that won't have any bearing on the question.

The "real" **Muktad** days or better still, the **Fravardegan** days are those eighteen days which stretch from about the 10th of March to the 27th March – that is, from **Roj Ashishwangh, Mah Spendarmed** to **Roj Amardad, Mah Fravardin** of the **Dinee Saal.**

It is during the first ten of these days only that the **Souls** come down to earth, whereas during the **Hushmordi Muktad** days the **Shahenshai** and **Kadimi Fravardegan** days, the **Fravashis** are present at the **Muktad** rituals. For the uninitiated, **Fravashi** is, very briefly, that tiny Divine Spark, that spark of the Light of Lights, called **AHU,** which is present in every Creation and which guides the soul.

**Q. Muktad has come and gone - but how were the ceremonies performed - the less we say the better. One is aware of the deteriorating situation, still I have mixed feelings regards stopping and not performing any ceremonies. Hence alternatively, what should a "Behedin" do to get his satisfaction and lighten Mobeds' burden?**

**A.** Men may come and men may go, but I go on forever. Yes, the show must go on, we cannot brush off the performance of ceremonies completely due to slackness, omission, etc. in ceremonies by Mobeds. Summarily, we cannot dismiss the performance of "Kriyas" - (ceremonies).

Muktad ceremonies formerly used to be performed at each individual's house, on the ground floor. Such facilities were provided for in houses, bungalows. But when the purity of the place became difficult to maintain, Muktad tables were shifted to Panthaki/Athornan houses. Here also with the passing of time problems arose and finally, as at present, Muktad ceremonies for 18 days came to the Agiary/Atashbehram. Now-a-days from 18 days it has become 10 days; (We think our fathers fools, so wise we grow, but wiser sons no doubt will think us so). Baj, Afringan, Farokhshi, and Saturn are the main ceremonies to be performed during Muktad days. Out of this, except the first i.e. Baj ceremony (which can be performed only in Urvisgah of Agiary or Atashbehram) the rest can be performed by "Behdins".

Satum is the easiest to perform, not requiring much time. Farokhshi also can be prayed from the book which contains the Farvardin Yasht, only Afringan requires little basic know-how, and some practice.

One who performs the Kriya of the departed ones should have some acquaintance with the deceased whose Kriya he is performing in order to bring his image in his mind's eye during the performance of ceremonies, which make the ceremonies more efficacious and effective.

On days other than Muktad "Sarosh-Patet on behalf of the deceased must be prayed.

At present as things stand it will be more advantageous, effective and economical if the Kriyas of the deceased are performed by his own family members. [It is learnt, that incase the Afringan prayer cannot be performed, in the last resort, one may pray 121 Yatha and 12 Ashem. During the time of praying Yatha and Ashem it is necessary to have the image of the deceased in front of you.]

**Q. A friend of mine is in a fix. After years of having the Muktad ceremonies performed for 18 days in a Bombay Agiary, he has now been informed by the trustees and the Panthaki of that Agiary, that the next Shahenshahi Muktad will be only for 10 days and not 18! Will you let me know in detail, if the Muktad days are 10 or 18, and if so, why?**

**A.** We shall try and give a detailed answer as suggested. Incidentally, some years ago, a suit was filed against the trustees of a Bombay Atash Behram on this very issue. A thousand pities that some of the Dasturs wrongly testified that the **Fravardegan** days, as they should be called, because they are the special days for the **Asho Farohars**, are 10 and not 18. Why they were wrong and how, by reducing the **Fravardegan** days to 10, our trustees and priests bring about Karmic retribution for the entire community, is what we shall presently consider.

The main plank of all those who argue that **Muktad** days are only 10, is the three Avesta words, **Dasa Pairi Khshafano** occurring in Karda 13 in the **Fravardin Yasht**, where it is stated that, during the **Hamaspathmaedem Gahambar**, which comes towards the end of the year, the **Fravashis** come to **the Veesa**, desiring help and they move about here for 10 nights. This is the literal translation of part of paragraph 49 of the **Fravardin Yasht**, done by some scholars.

For our purpose, the operative words are **dasa** and **Khshafan**. Now the latter has not been interpreted in the right context by our Parsee scholars. **Khshafan** or **Khshapan** means either "darkness" or "night". **In the Fravardin Yasht**, the word **Khshapano** can be taken as Genitive singular of **Khshapan**, meaning, "of, or belonging to darkness", i.e., "evil"; or if it is taken as Accusative plural, it could mean "nights". Here, the "darkness" or "evil" alluded to, means the darkness that descends on earth, because of the sins committed by mankind.

The word **dasa** = 10. But, according to Numerology, it also indicates, "completion" or "perfection". The word **'pairi'** = surrounding, i.e. to surround. **At the end of every year, because of the unmitigated sins of mankind, the forces of Khshafan are formed, which surround the earth, virtually, strangling the life-breath of the earth! To counter these ultra-powerful Satanic forces of that time the Fravashis of diverse grades - from the yazatic to those of ordinary departed souls, come down (Veecharenti).**

Thus, in para 49, the words **dasa pairi khshafano** are to be taken in this technical sense. Elucidating these words beautifully, the late Dr. Framroze S. Chiniwalla says, "those are highly esoteric technical terms, which demonstrate the factual knowledge" about the Fravashis.

It is the misfortune of the Parsee community that some latterday Dasturs and Parsee scholars miserably fell for the pseudo-claptrap of superficial translations of this very pertinent paragraph and almost overnight, torpedoed the age-old tradition of celebrating the **Muktad** for 18 days!! We say this with conviction, because, our modern scholars fail to answer two pertinent questions that arise: (1) How does one explain the recitation of this very paragraph of the Fravardin Yasht in the **Baaj** ceremony of the departed soul on its death anniversary? And (2) How does one explain the millenia-old tradition of the Parsees of celebrating the **Fravardegan Hingaam** for 18 days?

We shall answer both these questions and vindicate the wisdom of our spiritually advanced forefathers. According to the religious doctrine, the year is divided into two groups of festive occasions (**hingaam**). Both these groups of Time are governed by **Khordad Ameshaspand**. One is called **Yaairya** and the other **Sared**, who are the co-workers of **Khordad**. The death anniversary of the departed is a part of the **Sared hingaam**. At this time, i.e. on the day of the **baaj, Fravashi** of the departed soul wants to take the soul towards the **last - 6th Gahambar,** the **Hamaspathmaedem Gahambar**. Therefore, she, that is the **Fravarshi**, wants to break and destroy the evil **Kerdar** (the feminine apparition), viz., **Khshafan**. Thus, the death anniversary day of the departed soul becomes a veritable mini **Hamaspathmaedem hingaam** for the departed when the **Khshafan** has to be destroyed. For this reason, the same paragraph of the **Fravardin Yashti**, which refers to the **Fravardegan** days, is recited in the Baaj ceremony, on the death anniversary (the Baaj day). What does this show? That "dasa pairi khshafano" does not only mean moving round on 10 nights, but something much more!

This automatically brings us to the next question: that, if it does not only mean 10 nights, how did the tradition of 18 nights or days come about?

We reiterate that the souls of the departed Zarthostis come down to earth for only 10 days during the Fasli Fravardegan period. They come ensconced in the vehicles and custody of the highly exalted Ashaunam Fravashis. These 10 days are a part of the Fravardegan or Muktad Hingaam. There are also reasons for the number of days being 10 for the coming down of the souls. But, we won't go into the details of that aspect, while answering our questioner. Our main question is, whether the Fravardegan Hingaam days are 10 or 18, and if so, why.

We have already seen that the Khshafan or darkness or evil envelopes the earth during the last days of each year. To reduce and destroy this Khshafan, the Ashaunam Fravashis (the combined Fravashis of the seven Ameshaspands and of the perfected souls of the numerous yazatic intelligences) come down. These Fravashis of the Yazatic forces remain here for the first 10 days plus 7 days of the New Year, which belong to the 7 Ameshaspands namely, from Roj Hormazd to Roj Amardad! The Ameshaspands replenish Khurshed Yazad whose material form is the Sun, with the benevolent yazatic currents. Therefore, these 7 days of the Ameshaspands in the month of Fravardin are as important as the first ten days of the Fravardegan days! And the invocation of the Ashaunam Fravashi during these 7 days is done with the words, Daham vispesha.... During these 7 days, if the barehs (behdaans) are still there, and if the Muktad ceremonies continue, to be performed, the Fravashis of the souls of the departed are immensely pleased.

One point still remains to be clarified. The first 10 days plus the next 7 days make 17 days in all. The 18th day is the Ashishwangh Roj of the last month, Spendarmad, which is the day for meditating on the "Invitation to the Fravashis" and the souls who'd be coming the next day. In Gujarati, its called, "Iijan na Mithra Karvano Divas".

Thus, the 18 Fravardegan days, i.e. days, which destroy darkness and evil and spread plenty and prosperity all round consist of:

a) Roj Ashishwangh of Mah Spendarmad - the Invitation Day.

b) Panj-i-Keh or the 5 small days of the Fravardegan Hingaam.

c) Panj-i-Meh or the 5 big days of the Fravardegan Hingaam.

d) The 7 days of the Ameshaspands - from Roj Ohrmazd to Roj Amerdad of the month Fravardin.

---

An extract (pg. 82) from the book ***"A Manual of Khshnoom"*** – by Phiroz N. Tavaria, is given below.

*……the Fasli Takchian (second grade Muktad,*) ceremonies were celebrated in the suburbs of Bombay among natural surroundings far away from the impure atmosphere of city life. In these ceremonies glass vases were used instead of the usual metal (silver or german silver) vessels. This was in accordance with the teachings of the Ustad Saheb who explained that whenever the Zoroastrian Calendar was disorganized, owing to not taking into account the leap year, metal vases cannot be consecrated for each individual departed soul as was and is the current practice, as it is opposed to the teachings of the Zoroastrian religion. The Master further explained that under such circumstances pure glass vases filled with pure well water should be used as containers for holding flowers possessing superior Khoreh (Aura) in the ceremonies for 18 days. He further taught that such Takchian ceremonies should be performed for the benefit of groups of souls concerned who are attracted to these ceremonies during this holy period.*

-----------------------------------------------------------------------

** Installation of copper or silver or glass vases filled with sacred well water holding fresh roses and other flowers (with stems) of superior aura placed on marble-topped tables, and special Ceremonies for the benefit of the departed souls, performed before them during the last 10 days of each Zoroastrian year, and the same continued for the first 8 days of the succeeding new year.*

# મુકતાદ ફસલી માંડવા કે રેવાજી ?

લેખક : **બહેશ્ત બહેરેહ ડૉકટર ફરામરોઝ ચીનીવાલા**

[ **નોંધ :** જાણીતી હકીકત છે કે ઉસ્તાદ સાહેબ બહેરામશાહજીએ ફસલી આલાત ઊભો કરવાની કોશીશ કરી હતી, પણ તે નાકામ્યાબ રહી હતી. છતાં ફસલી મુકતાદની ઉજવણી એઓ સાહેબે ચાલુ રાખી હતી. વળી ઉસ્તાદ સાહેબના શાગેર્દો પોતે પણ પોતાના કુટુંબીજનો માટે રેવાજી મુકતાદ માંડતા હતા, એ પણ જાહેર છે. તો એ એમાં શું વધુ સલાહકારક અને અસરકારક છે, અને ફસલી મુકતાદ શા માટે ચાલુ રાખવામાં આવ્યા હતા, એ સવાલ ઘણા હમદીન ક્ષ્નૂમ ફીદાઇઓને સતાવે છે. એનો જવાબ ડૉકટર સાહેબ ફરામરોઝ ચીનીવાલા નીચલા લેખમાં આપે છે. આ લેખ ફ્રશોગર્દના ફીરદોસી તુસી મેમોરીઅલ વોલ્યુમ–૨૪ નંબર ૧ થી ૪ (જુલાઇ ૧૯૩૪ થી ૧૯૩૫)માં એક મોટા લેખની ફૂટનોટ તરીકે છપાયો છે. મજકુર મોટો લેખ ફસલની બાબદનો છે અને તે વોલ્યુમના ૨૭૮ થી ૫૦૨ પાનાં ઉપર છે. નીચલું ફૂટનોટ રૂપ લખાણ પાનાં ૪૬૮ થી ૪૭૨ ઉપર છે.

એમાં નીચલા ખાસ મુદ્દાઓ ડૉકટર સાહેબે રજુ કર્યા છે :

૧. ફસલી મુકતાદની ઉજવણી, બહેરામશાહજીએ હમમીથ્રનો એક ગુબાર બનાવવાની નેમથી શરૂ કરી હતી.

૨. આવો ગુબાર તે સાહેબ દેલાનોના અશિષો પકડવાને કાબેલ બને, તો ફસલી આલાતના કામ તરફ આગળ ચાલી શકાય. પણ તેમ થઇ શકયું નહિ.

૩. માટે આજના ફસલી મુકતાદ હુશમોર્દી વજેના જ છે એટલે કે ફસલના પ્રવાહો પકડી શકવાને કાબેલ નથી. છતાં કુદરતના પ્રવાહોનો, કાંઇક નાનો ભાગ ભણનારા અને ક્રિયાના કરાવનારાઓની નેક મનશ્ની અને આસ્થાને જોરે કાંઇક અંશે ઉતરે ખરો.

૪. ફસલી ફરવરદેગાન વખતે ઉતરતી બર વકતની અસરે રોશની ગમે એવી હુજીવાળી જગાએ ખેંચી શકાતી નથી. એને માટે લાયક જગા તો સાહેબ દેલાનોનો ફીરદોસ જ અને ત્યાંનો પાવીકત છે. આપણા પાવીકતની તેવી લાયકાત નથી.

૫. રેવાજી મુકતાદ માટે લાંબા જમાના લગીના મીથ્રના ગુબારો બંધાયલા છે, જેને જોરે આપણું ભણતર મરણ પામેલાના રૂવાન આગળ આપણે ધરી શકીએ છીએ.

૬. બર વકતના ફરવરદેગાન ઉપર, લાયક અને બને એટલાં પાકીઝગીનાં વાતાવરણમાં યા પાક મકાનમાં મૃત રૂવાનોની નૈયતે માંથ્રની બંદગી લાખ વિગેરે ભણવી. તેના સ્તોતોનો નાચીઝ હદીઓ સાહેબ દેલાનોની જગા મારફતે રૂવાનને પહોંચે એવી દુવા કરવી.

૭ ટુંકમાં એમ કે હીંગામની અસર રોશની ખેંચવાની કાબેલ્યત અને જોર આપણા જાહેર પારસી સમાજમાં નથી. તેથી પોતાની બની શકતી પાકીઝગીને જોરે. માંથ્રનો હદીઓ જ રૂવાન તરફ મોકલી શકાય, એવો જમાનો છે. લાંબા જમાનાથી થયલા રેવાજી મુકતાદના મીથ્રનો ગુબાર એવો હદીઓ મોકલવા વધુ કામયાબ છે. તેથી રેવાજી મુકતાદ શહેનશાહી કે કદમી જેમ હોય તેમ મંડાવવા અને હીંગામને વખતે માંથ્ર મીથ્રનો હદીઓ પહોંચાડવો. જમાના મુજબ વધુ દુરોબસ્ત છે. **—અધીપતી** ]

# ફવરદેગાન ટાંકણે અનુશેહ-રવાંનોને ફસલી સ્પેન્દારમદ મહીનાના ફવરદીન રોજે યા અશીશવંઘ રોજે ઈજન યાને યાદ કરવાના મિથ્ર

સ્પેન્દારમદ મહીનાના ફવરદીન રોજે ઈજન તેમજ બધી ક્રિયાો ફક્ત તેજ અનુશેહ - રવાંનોને માટે કરવાનો હોકમ છે, કે જેઓ અકસ્માતથી મરી જવાના સબબે તેઓનો દીવસ રાહમળ ગયો હોય અન તેઓનો ખરો દહાડો-વાર નહીં નોંધાયો હોય અને જરથોસ્તી દએનનાં ફરમાન મુજબ ફવરદીન મહીનાનો ફવરદીન રોજ, આદર મહીનાનો ફવરદીન રોજ, યા કોઈબી બીજો ફવરદીન રોજ યા દએ મહીનાનો આદર રોજ લગાડીને તેઓની બધી ક્રિયાઓ કરવામાં આવી હોય. અહીં જણાવવું જોઈએ કે દએ મહીનાનો આદર રોજ ફક્ત જે શખ્સ મહાસાગરમાં અકસ્માતથી ડુબવાના સબબે તથા સાથે સાથ માહી યાને મચ્છીને હાથે ભક્ષ થયો હોય તેવાંજ ઉરવાનને એ દીવસ લગાડવાનો હુકમ છે. હવે ત્યારે એવાં અનુશેહ-રવાંનોની ફવરદેગાનની ક્રીયા કરતી વખતે તેઓને સ્પેન્દારમદ મહીનાના ફવરદીન રોજે નામ-બ-નામ યાદ કરી ખાસ તેઓને તાકચીઆનમાં હાજર થવાના ઈજનના મીથ્ર (જે હવે પછી આપવામાં આવ્યા છે તે) ફેંકવાનું તથા આફ્રીનગાંન, બાજ, ફવષી તથા સતુમ (અને મકદુર માફક યજશ્ને - વંદીદાદ), કરાવવાનું ફરમાન છે. પણ જે અનુશહ-રવાંનોનો દહાડો-વાર ખુલ્લો જણાયલો હોય, કે જેમ બધાં સાધારણ રીતે મરણ પામેલાં અનુશેહ-રવાંનોના બાબમાં હોય કે, તેઓનાં સંબંધમાં તો અશીશવંઘ રોજેજ તાકચીઆનના હાજર રહેવાના ઈજનના મિથ્ર ફેંકવામાં આવે છે. ઉપર જે રહમલ થયલાં યાને દહાડો-વાર નહીં નોંધાયલાં ઉરવાનો વિષે લખ્યું છે તેવાં રહામલ થયલાં ઉરવાનોને પણ અશીશવંઘના મિથ્ર વખતે પાછાં યાદ કરવાનો હુકમ છે. એવાં રાહામલ થયલાં ઉરવાનોને સ્પેન્દારમદ મહીનાના ફવરદીન રોજે ખાસ વધારાની યાદ કરવાની મતલબ એટલીજ છે કે તેઓનો દહાડો-વાર નહીં નોંધાવવાના સબબે ઉપર મુજબ ફવરદીન રોજ લગાડીને ક્રીયાઓ થયલી હોવાને લીધે ફરરોખ ફવરદીનની તુફેલ તેવાં ઉરવાનોને આપવામાં આવે છે, કારણ કે રાહામલ ઉરવાનો ફવરદીનની તુફેલમાં યાને ખાસ પનાહ-પોશીમાં સોંપાયલાં છે.

## મિથ્ર કરવા માટે શરૂઆતની સુચનાઓ:

'તાકચીઆન' એટલે 'ફવરદેગાંનની ક્રિયા માટે આરાસ્તે કીધેલી મુક્તાદની જગ્યા' નજદીક, શેતરંજી પેવંદથી બીછાવીને યાને બેવડી પાંથરીને તે ઉપર 'દો-ઝાનું' તે મિથ્ર કરનાર શખ્સે બેસવું. 'દો-ઝાનું' એ આપણી અસલી ઈરાની એબાદત કરતી વખતની ખાસ ઢપ (Posture) યાને બેઠકની રીતી છે, જેમાં મરદ હોય તો બેઉ પગને ગુંટણ આગળથી વાળીને બન્ને પાટલીઓ જમણી ગમ સાથે રહે તેમ બેઠક લેવામાં આવે છે, અને ઓરત હોય તો બેઉ પગ ગુંટણ આગળથી વાળીને બન્ને પાટલીઓ ડાબી ગમ સાથે રહે તેમ બેઠક લેવામાં આવે છે. ત્યારબાદ, તે મિથ્ર કરનારાઓએ દો દસ્ત બસ્તા કરીને એટલે કે બન્ને હાથની હથેલી ચત્તી ભોંય પર નાંખીને, સર ખાક તરફ મિથ્ર દરમ્યાન આખો વખત નમાવેલું રાખીને, 'ખ્યાલાત' યાને વિચારો ફેંકવામાં મશગુલ થવું. અસલ મિથ્ર અલબત્તાં બીજા મિથ્રોની માફક પેગામ્બર સાહેબના વખતમાં બોલાવી કયાન જબાનમાં જોડેલા હતા, પણ જમાનાના દૌરથી હાલમાં આપણી પાસે જાહેરમાં અહીં જળવાયલા નહીં હોવાથી, ગુજરાતીમાં તેનો સાર હેઠળ આપવામાં આવ્યો છે: ''મિથ્ર'' યાને 'જરથોસ્તી દએનમાં સમજાવેલાં કુદરતનાં મરકજોના વિચારો' આપણને હંમેશાં સમજીને પુર ભાન સહીત તેમાં ચકચુર થઈને, ઘણાંજ ધીરે ધીરે તેમજ ઠેરવેલાં દીલની શાંતીથી ખ્યાલમાં લાવવાનો હુકમ છે, અને જે અનુશેહ-રવાંન યા કુદરતનાં મરકજ યા ચીજ માટે ખ્યાલાત કરતા હોઈએ તેની આકૃતિ મનની આંખ આગળ હાજર હોય તેમ ખુબ જોશમાં મનમાં કલ્પેલી રાખવી, યાદ રાખવું કે બર વકતનાં

ફ્વરદેગાનના પહેલા દશ દહાડા (પન્જ-ઈ કેહ અને પન્જ ઈ-મેહ) આપણા ગુજરેલાં ઉચવનોને પોતાને ''અષાઉનાંમ ફ્વષીનાંમ''ની તુફેલમાં અહીં ઉતરવાનો મહાન હીંગામ છે, તેથી એ ટાંકણે ખુદ અનુશેહ-રવાંનોને અને નહીં કે તેઓના ફરોહરોને યાદ કરવા. બીજી બધી ક્રીયાઓ વખતે હંમેશાં ગુજરેલાંના અશો ફરોહરોજ હાજર થઈ શકે છે. પણ બર-વક્તના ફ્વરદેગાંનના પહેલાં દશ દિવસ - આસ્તાદ રોજની વહિસ્તોઈશઅત ગાથા સુધી - ખુદ આપણાં ગુજરેલાં વ્હાલાંઓ ''અષાઉનાંમ ફ્વષીનાંમ''ની તુફેલમાં અહીં ઉતરે છે, એટલું જ નહીં, પણ બધાં આગલ વધેલાં પઑઈર્યો - ત્કએષનાંમ તેમજ અશોનામનાં ઉરવાનો જેઓ શશ કેશ્વરો ઉપર તેહેદરયાત (યાને વૃદ્ધિ) કરતાં હોય તેઓ જો જરૂર હોય તે મદદ કરવા અને બાકીનાંઓ ક્રીયાના સ્તોત અને ખાસ્તર લેવા અષાઉનામ ફ્વશીની તુફેલમાં અહીં પધારે છે. વળી જજાનાં બધાં ઉરવાનો જેઓ વરજમીના મરકજ પર થોભેલાં હોય છે તેઓ યા સજાનાં ઉરવાનો ગંજીશી - કંગદેજી યા અપાખ્તરમા બુરા કેશાશનો ભોગવટો પામતાં હોય તે બધાં એકેએક ઉરવાનો ફ્વરદેગાનના દશ દિવસો ઉપર આ ખનીરથર બામીમાં ''અષાઉનાંમ ફ્વષીનાંમ'' નામની કુદરતની મદદગાર શક્તિઓની તુફેલ યાને પનાહપોશીમાં ખાસ સ્તોત અને ક્રીયાની ખાસ્તરની આશામાં ઉતરે છે ના, એટલું જ નહીં, પણ સૌથી આગલ વધી ગયલાં જીરમાની આલમ ઉપર ગયલાં મહાન ''નબા-નજદીશતનાંમ ફ્વષીનાંમ'' ને લગતાં ઉરવાનો જેઓ સોષ્યન્તો તરીકે અહીં જુદે જુદે વખતે દીન ફેલાવી ગયા હતા તે જીરમાનીના મહાન સાહેબોનાં ઉરવાનો વટીક જરૂર પડવે ફ્વરદેગાંનના આ મોતેબર પહેલા દશ દિવસો ઉપર આ ખનીરથ બામી પર પધારે છે, પણ તેઓ અષાઉનાંમ ફ્વષીનાંમની તુફેલ વગર સીધા સ્વતંત્ર રીતે આવે છે, અને કુદરતનાં વૃદ્ધિનાં કાર્યમાં મીનોઈ શક્તિઓને મદદરૂપ થાય છે. આ દશ દીવસો પછી સૃષ્ટિનાં એક એક ઉરવાનો પોતપોતીકાં મૂકામે પાછાં વિદાય થાય છે.

## ઈજનના મિથ્ર

"સૃષ્ટીના પેદા કરનાર અહુરમજદની ખુશ્નુદી હોજો!" "અષાઉનાંમ ફ્રવષીનામં," ગાથાઓ, બધા યજદો, ફરરોખ (ફ્રવરદીન), ત્રણે દએ (દએ દએ-પ-આદર, દએ દએ-પ-મેહેર અને દએ દએ-પ-દીન), પાંચ મીનો (મીનો રામ, મીનો અશીશવંઘ, મીનો આસ્માન, મીનો મારેસ્પંદ અને મીનો અનેરાંન), તથા સાતે અમશાસ્પંદો, - એ બધી કુદરતની મહાન મદદગાર ચહડ ઉપર મરતબાની શક્તિઓને નમન હોજો! તેઓનાં મીનોઈ પ્રવાહ-રૂપી આશીશો અહીં અમો ઉપર સરોશ, મેહેર તથા રશ્ને યજદની મારેફતથી ઉતરજો! તમારામાં રહેલી યઓનરશ્નુ અને આરમઈતીની કરમબક્ષેશથી હમુને હમારા મરતબા પ્રમાણે હાંસલ કરાવજો!

આ ગેતીની દુન્યાંના અહુ અને રતુ, અહીં જન્મેલાંઓમાં સૌથી બખ્તાવર (ફરરોખતુમ), સૌથી અષો (અષોતુમ), તમામ દીનોનાં દીન લાવનારા સાહેબોના 'રદ' યાને વડા રેહબર સાહેબ, (રદે હરવસ્પ દીન્યાંન દીન બોરદારાંન), યજદો સાથે એકતાન થયલા (યશ્તે યઝદાન, "શહુદ" થયલા (યાને કે 'માજી-ઉલ-માજી' (એટલે ઘણોજ દુરનો વહી ગયલો જમાનો.) 'માજી' (એટલે પસાર થયલા જમાન), હાલ (યાને ચાલુ લાંબો જમાન), હાલી ઉલ હાલ (એટલે નજદીકનો પસાર થતો વખત), મુસ્તકબલ (યાને ભવીષનો જમાન), 'મુસ્તકબલ-ઉલ-મુસ્તકબલ' (એટલે ભવીષનું ભવીષ), તથા 'ગાયબાંન' (યાને ભવીષના જમાનાનીબી પેલીમેર (Beyond the future Ages) ના - એમ બધા સાતે જમાનાઓથી વાકેફગાર - એવા જે આસ્ને-વીરની બુલંદમાં બુલંદ બઓદાંગ યાને મીનોઈ અકલ ધરાવનાર બુલંદ ફરોહર સાથના વખ્શુરે-વખ્શુરાંન, રઞ્જ-ગો, અહુરાના અષો સ્પીતમાન જરથુસ્ત્ર સાહેબ છે. તેવણની નમનભરી યાદ ફીદા કીધેલાં અંતકરણના પુર એતેકાદ (ઉતયૂઈતી)થી અમો કર્યે છીએ! તેઓનાં રૂહ ઉપર સદ હજાર આફરીન અને દરૂર હોજો!

મારેફતે-સરોશ-યજદથી હમો નાકસ ફીદાઈઓ નબા-નજ-દીશ્તનાંમ ફ્રવષીનાંમ, પઑઈરયો-ત્કએષનાંમ ફ્રવષીનાંમ, તથા અશોનાંમ ફ્રવષીનામ- એવા જે ઉરવાનોના ત્રણ મહાન ચહડ-ઉતર દરજ્જા છે, અને જે દરેક દરજ્જાના વળી નવ નવ તબક્કા છે. તે બધાંને લગતાં ઉરવાનોને કુલ્યાતી રીતે (સામટાં) અહીં, ખ્યાલતમાં લઈએ છીએ, તેઓની જોશભેર યાદ અહીં કરયે છીએ! અને દુઆ કરીએ છીએ કે :-

ઈન્ બન્દગીએ મા, નિયાયશ્ન વ આફ્રિનેશ્ને મા, અએ સરોશ્, રસાનાદ્ બ ઉર્વાને અશોનાંમ ફ્રવષિનાંમ્, નબાનઝ્દિશ્નાંમ્ ફ્રવષિનાંમ્. દરૂદ્ વ આફ્રિનશ્ન મા રસાન, અએ સરોશ, બ ઉર્વાને - શશ્ કેશવર્, બ ઉર્વાને નીસ્તીએ-અવ્વલ્ દર્ બઝ્મે અર્દાફ્રવષ્, બ ઉર્વાને નીસ્તીએ-મ્યાના બા ઉમેદે બેહીએ - જઝા, બ અનુશેહ્ ઉર્વાને - સઝા બ પોહલ્ દર્ કંગ્દઝ્ - દર ગંગ્દઝ્-દર્ વર્ઝમ્કર્દ્, બ ઉરવાને-સઝાએ-ગંજેશ્, બ ઉર્વાને - સઝા દર્ બન્દે-સેશબ્ દર અપાખ્તર્, - અએ સરોશ્, - ઈન્ હમા રા તુફેલે અષાઉનાંમ્ બાદ્.

અય સ્પેનાક મીનો અહુરમઝ્દ! સેતાયશ્ન-નિયાયશ્ને - બેકેયાસ દર્ બારેગાહે - તુ; દરૂદ વ આફ્રિનશ્ન અએ ખોદાવંદે - પાક્ બક્ષ્નુદીએ - ફ્રસસ્તીહ - ઈ હોરમઝદ દાદારી - બ અહુરમઝ્દ્ ખોદા ઈન્ મીન્નત્જારી કબુલ બાદ્.

કબુલ બાદ ઈન્ બંદગીએ - મા દર્ વક્તે ફ્ર્વર્દેગાન્; બન્દે આઝન્ગે મા યાદ્ દારીમ્ વ પતેત્ પશેમાનીમ્; અઝ્દ્રવંદીએ - મા હોશ્ દારીમ્, સર્ગશ્તેઈમ્, રાહ જુઈમ; અએ મીનો સ્તીહગર; કબુલત્ બાદ્ ઈન્ બંદગીએ - મા.

અએ રૂવાનાન્ કે આયદ્ દર્ તુફેલ્ વ પનાહ્પોશીએ-અષાઉનાંમ ફ્રવષિનાંમ્ મુક્કદસ્ બાદ્; બ ખએત્વ રસાનદ્, ગરોથ્માની બાદ્, ખુશ્ આમદો અએ મહેમાને - કદીમ્ બર્ વક્તે ફ્ર્વર્દેગાન્, મુબારક્ બાદ્ આન્ વઈ્તે કદીમે મુરહુમતે ફ્ર્વર્દેગાની, મુબારક બાદ્.

"યાને અએ અશો સરોશ યજ્દ! અમારી તરફથી થતી આ બંદગી, અમારી તરફની ન્યાએશ તથા આફરીનના મીથ, "અશોનાંમ ફ્રવષિનાંમ" ને લગતાં ઉરવાનોને તથા 'પઓઈરય-ત્કેષનાંમ ફ્રવષીનાંમ'

ને લગતાં ઉરવાનોને તથા "નબાનજદિશતાંમ ફ્વષીનાંમ" ને લગતાં ઉરવાનોને, તું પહોંચાડજે!

અએ સરોશ અશો! અમારી તરફની દુવા તથા આફરીનની બંદગી છ કેશ્વરો (વોરૂ-જરેશત, વોરૂ-બરેશત, સવહ, અરેજહ, વીદદફ્ષ, ફ્રદદફ્ષ)નાં રૂવાનોને, તથા અરદાફ્વષની મીજલસમાંના અવલ મરતબાની નીસ્તીનાં રવાનોને, તથા ચીન્વદ પુલ નજદીકના કંગદેઝ, ગંગદેઝ અને વરે-જમ-કર્દમાંના અનુશેહ રવાનોને, તથા ગુંજીશીની સઝા ભોગનારાં રવાનોને તથા અપાખ્તરની નજદીકમાંના સે-શબના બંદમાંના સઝાને લગતાં ઉરવાનોને તું પહોંચાડતો રહેજે! અએ અશો સરોશ યજદ, એ બધાંઓને "અષાઉનાંમ ફ્વષીનાંમ"ની તુફેલ યાને ભલો સંબંધ હોજો!

અએ સૌથી વૃદ્ધિ કરનાર મીનો હોરમજદ! તારી દરગાહની અંદર બેશ્યાર સેતાયશ તથા ન્યાએશ હું કરૂં છું! અએ પાક ખોદાવંદ સાહેબ! દાદારે અહુરમજદના ચાલુ વૃદ્ધિ પામનારા સ્તોતની ખુશનુદીને માટે દુવા તથા આફરીનના ઉદ્‌ગારો કરૂં છું! આ મારી અદના અરજગુજારી મુજના ખુદાની મારેફતથી દાદાર અહુરમજદને કબુલ હોજો!

ફરવરદેગાંનના પવિત્ર હીંગામ ઉપર અમારી તરફની આ બંદગી કબુલ હોજો! અમારા ઉરવાનની તંગદસ્ત હાલત તથા તેની ઉપરનો "બંદ" યાને બેડીને યાદ રાખીને અમો પશેમાન થઈને પસ્તાવો કરીએ છીએ!

અમારી દરવંદ જેવી હાલતની અમે શુદ્ધિ ધરાવીને, ગુંચવાઈને અમો સીધો રાહ શોધ્યે છીએ! અએ તું મીનો સ્તીહ્‌ગર, મીનોઈ વૃદ્ધિની હસ્તીના સાહેબ! આ અમારી તરફની બંદગી તુંને કબૂલ હોજો! અએ તમો ઉરવાનો, જેઓ "અષાઉનાંમ ફ્વષીનાંમ"ની મારેફત તથા રક્ષણ હેઠળ પધારેલાં છેઓ, તેઓ વૃદ્ધિ પામીને "ખએત્વ" પામજો, અને શરીફ-ખસીસ અંશોનું જોડાણ કરજો! ગરોથ્વાનને લાયક થજો, ફરવરદેગાનનાં હીંગામ ઉપર પધારનારા અય તમો કદીમ પરોણાઓ! તમો ભલે પધારયા, તે ફ્વરદેગાનનો અસલ બર-વકતનો નેક-ખસલતનો હીંરગામ તમને મુબારક હોજો! જરૂર મુબારક હોજો! આમીન!"

હમો સરનેગુન કરી દુઆ ગુઝારીએ છીએ કે

હમારેથી જેવું કંઈ બની શકયું છે તેવી રીતે આ બધી અદના ક્રીયાઓ કરી, તમારી ખુશ્નુદી હમો ખરાં જીગરથી ફીદાં થયલાં અંતકરણના ભક્તિભાવથી આટલા દીવસ હમો કરીશું, તે હમો તરફની બધી નજીવી ભેટો - માંથ્રનાં સ્તોત, ક્રિયાની ખાસ્તર (યાને વીજળી), શાદ મિથ્ર (કુદરતને લગતા ભલા વિચાર), આબે-રવા (યાને વહેતા ઝરાનું પાણી) તથા ગુલ (યાને ફુલ)નો બેહરેહ, દરૂન-મ્યજદ, શ્યાવ યાને ઈજેલા વસ્ત્ર, 'ગઓ'ને લગતું ખાણું અએસ્મ-બોએ-બખુર (યાને બધી જાતનો તેજાનાઓ)-અગર કાઠીથી રોશન રાખેલી આતશની બરેહ, તથા રોગનની રોશન બતી, વીગેરે વીગેરે ચીજો જે તમારી હજુરમાં અર્પણ કરીશું, તે બધું તમો જરૂર સ્વીકારી અમને ખુશી કરશો!

હમો જાણ્યે છીએ કે તમો અશો રવાનો તો કદીમ છેઓ, અને મીનોઈના તલબગારો છેઓ, તેઓને અહીંની અર્પણ કીધેલી ચીજો તે શું ખુશ્નુદ કરી શકવાની હતી? છતાં, તમો બધાં અહીં યાદ કરેલાં નાંમ-બ-નાંમ-અશો રવાંનો-બેહેશ્ત-બહેરેહમાં આગલ આગલ અને આગલજ વધજો:-

અહીં દરેક જરથોસ્તીએ પહેલવહેલાં જરથોસ્તી ઈલ્મેક્ષ્નૂમના ઉસ્તાદ સાહેબ બેહેશ્ત-બેહેરેહ ઑસ્તા બેહેરામશાહ ઑસ્તા નવરોઝજી (શરાફ)નું નામ પેશ-રવાન તરીકે નીચે મુજબ ત્રણ વાર દેવું, અને પછી પોતીકા તરફથી જે બધાં અનુશેહ વ્હાલાંઓનાં નામો તાકચીઆન માટે આપેલાં હોય તેઓ મરદ યા બાનુ - પરણેલાં યા નહીં પરણેલાં હોય તોબી-તેઓનાં નામો તેઓનો સગાં બાપનાં નામ સાથેજ નીચે મુજબ ત્રણ વાર દેવાં.

"બેહેશ્ત-બહેરહે અનુશેહ-રવાંન રવાંન-ઈ ફલાંન (તે ઉરવાનનું નામ) બીન (યાને છોકરો) યા બીનત (યાને છોકરી) ફલાંન (તે ઉરવાનનાં પીતાનું નામ) અએદર યાદ બાદ!" (ફલાંના ફલાંનાની યાદ અહીં હોજો!) આ નાંમ દેતી વખતે વિચાર ઘણાંજ સાબેત રાખી, તે ઉરવાનોની બને ત્યાં સુધી આકૃતી મનમાં કલ્પીને તને બોલાવતાં હોઈએ તેમ જોશભેર યાદ કરવાં, અને આપણાં ભાનની અંદર તેઓને ખુબ ખેંચવાં યાને આપણી તરફ આકર્ષણ કરવું.

"ફ્રવષયો ક્ષ્નૂતાઑ અયન્તુ અહ્‌મ્ય ન્માને!
ક્ષ્નૂતાઑ વીચરૅન્તુ અહ્‌મ્ય ન્માને!
ક્ષ્નૂથાઑ આફ્રીનન્તુ અહ્‌મ્ય ન્માને!
વંઘુહીમ્ અષીમ્ ખાપરાંમ્!
ક્ષ્નૂતાઑ પારયન્તુ હ્ચ અહ્‌માત ન્માનાત્!
સ્તઓમાચ રાઝરેચ બરેન્તુ
દથુષો અહુરહે મઝદાઓ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ!
મા ચિમ ગૅરૅજનાઑ પારયન્તુ હચ
અહ્‌માત્ ન્માનાત્! અહ્‌માકૅમ્ચ મજ્દયસ્નનાંમ!"

બ ક્ષ્નુદી આયદ્દ અમૅશાસ્પંદાંન્ વ ફરોહરાંન્ અંદર્ ઈન્ માન્! બ ક્ષ્નુદી આયંદ વરવંદ અંદર ઈન્ માન્! બ ક્ષ્નુદી આફ્રીન્ કુનંદ્દ અંદર્ ઈન માન્! બ ક્ષ્નુદી ફ્રાજ્ બે-રવંદ અજ્ ઇન્ માન્! યજશ્ને વ સ્તાયશ્ને અશાઈ કાર્-ઈ કેર્ફે બરંદ અજ્ ઈન્ માન્ ઓય્ દાદાર અહુર્મજ્દ્દ વ અમૅશાસ્પંદન! મ પ ચીહ્-જ ગર્જશ્ને બે-રવંદ્દ અજ્ ઈન્ માન્ હમાક્ માજ્દયસ્નીમ્!

યાને "ફરોહરો ખુશાલ- થઈને આ ઘેરમાં પધારે!"

આ ઘેર (અઈષિ-પઈરી)માં ખુશાલ-થઈને ફરેહરે!

ખુશાલ થઈને આ ઘેરમાં ભલા મહેરબાની ભરેલા આષીશના આશીરવાદ દે! ખુશાલ-થઈને આ ઘેરમાંથી સીધારે! સ્તોત અને અર્પણ-કીધેલી ચીજો પેદા કરનાર અહુરામજદ તથા અમશાસ્પંદોની તરફ લઈ જાય! અમો માજદયસ્નીઓના આ ઘેરમાંથી સહેજબી વિલાપ કરતાં (તેઓ) સીધારે નહીં!

અમશાસ્પંદો તથા ફરોહરો આ ઘેરની અંદર ખુશાલી સાથે પધારે! આ ઘેરની અંદર ખુશાલી સાથે આવજા કરે! આ ઘેરની અંદર ખુશાલી સાથે આશીર્શાદ દે! આ ઘેરમાંથી દાદાર અહુરમજદ તથા અમેશાસ્પંદો તરફ યજશ્ને તથા સેતાયશ જેવાં અષોઈવાળાં કામ અને સવાબ લઈ જાય! તમામ માજદયસ્નીઓના આ ઘેરમાંથી જરાક બી વીલાપ નહીં કરતાં તેઓ સીધારે!"

ભલે પધારો અય તમો અશો રવાંનો! તમારી

નામ સહીત યાદ પૂરે માન સહીત અમો અહીં કરી રહ્યાં છીએ! તમારાં મુબારક કદમ અત્રે આ પઈરિમાં ભલે લંબાવો! દરૂદ હોજો તમારાં મુબારક નામ પર! અહીં થતી બધી ક્રિયાઓથી તમો મેહેરબાનો બસ ખુશ્નુદ, ખુશ્નુદ, ખુશ્નુદ હોજો! અય તમો કદીમ પરોણાઓ, અહીં ખુશ્નુદ થઈને આવ-જાવ કરજો! તમો અઝીઝો અમારી આ પઈરીમાંથી નારાઝ અને નસોસ થઈને ના જતાં, પણ અહીંથી તમામ ખુશ્નુદીભર્યા આનંદભર્યા સીધારજો! અને અમારી તરફની આ સ્તોતની ભેટો- આ બધી થનારી ફ્વરદેગાંનની ક્રીયાઓની બુલંદ ખાસ્તર - દાદાર અહુરમજદ અને અમશાસ્પંદોના સ્તોતના મખઝનમાં યાન ખજાનામાં ઠાવાં પોહોંચાડજો અને ઉપલી આલમમાંથી અમોને તેમજ કુલ બસ્તે-કુસ્તીઆંન કોમની ઉપર તેમજ આખી સૃષ્ટીની ઉપર તમારા ઉત્તમમાં ઉત્તમ, ઉમદામાં ઉમદા આશીરવાદનો વરસાદ વરસાવજો. જેથી હમો બધાં અહીંના જન્દેહ-રવાંનો યાને જીવતાંઓની ખાહેશ ઉરવાનીક વૃદ્ધિ અને ઉરવાનની 'નાઝી' યાને બોખ્તગી કરવા તરફજ ઢળે, અને અહીં બધેબધ કુદરતની તાબેદારી, 'બુદે-મનશ્ની' યાને સંપૂર્ણ ખાકસારી (આરમઈતી), રાદ કામો કરવાની શક્તિ, આબાદી, સુલેહશાંતી, ખુશાલી રામશ્ની અને નેકી સર્વ પંથરાય અને સચ્ચાઈ તથા અશોઈનું રાજ (એરેજોઈશ ખાઓ અને અષહે ખાઓ) અહીં સદા અમર તપો!

'અષાઉનાંમ'ની તુફેલમાં પધારતાં અય તમો વ્હાલાં પનોતાં અશો અનુશેહ રવાંનો! તમોને ખરાં જીગરનાં ત્રણ ત્રણ મરતબે નમસ્કાર હોજો! (આ વખતે ખુબ પુર ભાન સહીત નમવું.)

આમીન! આમીન!! આમીન!!!

"અથ જમ્યાત્ યથ આફ્રીનામિ!" (ત્રણ વાર મોઢેથી ભણવું.)

ઉપલા મિથ્ર મનની ઘણી શાંતીથી ધીમે ધીમે ફેંકવા, ત્યાર બાદ દો-ઝાનુ બેસીને, બધાઓએ બુલંદ અવાજે ૨૧ યથા અહૂ વઈરયો અને ૧૨ અષેમ વૉહૂ પઢવી :

અહીં અનુશેહ-રવાંનોને ઈજન કરવાના મિથ્રની ક્રિયા તમામ થાય છે. ●●●

# મુકતાદનું ભણતર

## ફ્વરદેગાનના યાને મુકતાદના પેહેલા દશ દીવસોપરનું ભણતર તેમજ લાખનું ભણતર

સ્પેન્દારમદ મહીનાના આશતાદ રોજથી અનેરાન રોજ સુધી ૫ દીવસપર રોજ ફ્રાશ્રઓતનો યજશ્નેનો ૨૦ મો હા ભણવો, અને પછીના જે ગાથાના ૫ દીવસો આવે છે તેપર પાંચ ગાથા, પહેલે દીવસે પહેલો ગાથા, બીજે દીવસે બીજો ગાથા એમ પાંચ ગાથા ભણવા. (કબીસાનો દીવસ: બારે બુરૂજો યાને રાશીઓમાં ખુરશેદની ચાલ જોતાં દર વરસ ૩૬૫ દહાડા, ૫ કલાક, ૪૮ મીનીટ અને ૯૯ સેકન્ડ મલીને એક આખું ખરૂં આફતાબી વરસ થાય છે. આ પ્રમાણે દર વરસના લગભગ ૦। દહાડાની કસર દર ચાર વરસે એક આખો દિવસ વધારાનો ઉમેરી આપણા અસલી ઈરાની ન્યાગાનો કબીસો કરતા હતા, એટલે કે દર ચાર વરસે વહીશતોઈશ્ત ગાથા પછી એક વધારાનો દીવસ ઉમેરતા હતા, જેને "આવરદાદ-સાલગાહ" ને નામે ઓળખતા હતા યાને તે વરસનો એક વધારાનો મુકરર કીધેલો ગાથા કહેવામાં આવતો હતો. આ દીવસ જ્યારે દર ચાર વરસે પડે, ત્યારે તે દીવસે ફરજ્યાત બંદગી તરીકે પાંચમો વહિશ્તોઈશ્ત ગાથા પાછો ભણવો. અને ભણવામાં રોજ નકેનામમાં 'ગેહ ગાથાબ્યો આવરદાદ સાલગાહ ગેહ" ફરી ભણવું. જમશેદી નૌરોજને દીવસે (તારીખ ૨૧ મી માર્ચ) ફ્વદીન મહીનો ને હોરમજદ રોજ ગણી ફસલી સાલ પાળનારાઓ દર ચાર વરસે એક કબીસાનો દીવસ વધુ તરીકે ગણે છે તે ખરી ગણત્રી પ્રમાણે છે, જે હાલના યુરોપ્યન કેલેન્ડરોમાં લીપ ઈયર ડે તરીકે લીધેલો છે) પછી જો લાખનું ઉત્તમ ભણતર ભણવું હોય તો ઉપલા ફ્વદેગાનના દશ દીવસોપર રોજના ૫૭૦ યથા અહુ વઈરયો, ૨૧૦ યેંઘહે હાતાંમ..... યજમઈદે (છેલ્લાં ફક્ત ૨૧૦ માં યેંઘહે હાતાંમનું વાક્ય પુરૂં કરતી વખતે એક અષેમ્ જરૂર ભણવી.) અને ૧૨૦ અષેમ્ વોહુ ભણવા એટલે ઉપલા દશજ દીવસોમાં ૫૭૦૦ યથા, ૨૧૦૦ યેંઘહે હાતાંમ અને ૧૨૦૦ અષેમ્ પુરા કરવા. કદાચ દશ દીવસની લાખ ભણવામાં કાંઈ ખાડો પડે તો બીજી વખતે (યાને આ દશ દીવસમાંના કોઈબી બીજા દીવસે યા કોઈબી બીજી ગેહમાં વધુ ભણી પુરા કરવા, પણ ૫૭૦, ૨૧૦ અને ૧૨૦ ની મુકરર કરેલી સંખ્યામાં ફેરફારો કરવો નહિ. તેને બને તો બમણી સંખ્યા કરી ભણવું પણ તેમાં ઘટાડો કરી ઓછી સંખ્યામાં વહેંચી નાખી ભણવું નહી, હાવન ગેહમાં જો માત્ર યથાજ ભણવાને બને તો તે પુરાજ ૫૭૦ ભણવા, અને તેજ પ્રમાણે બીજી ગેહમાં બાકીના ૨૧૦ યેંઘહે હાતાંમ અને ૧૨૦ અષેમ્વોજ આંકડો લઈ પુરા કરવા, કારણ કે આ સંખ્યા તેની અસ્પંદી (પ્રમાણ) મુજબજ હાલના વખત માટે સરેરાસ મુકરર કીધેલી છે. તેટલા માટે એ સંખ્યામાં ઘટાડો કરવો નહી) વધુ ભણી તે પુરા કરવા. એ લાખનું ભણતર ફ્રાશ્રઓતનો હા તેમજ ગાથા ભણી રહ્યા પછી ભણવું. એ લાખનું ભણતર ઉપલા દશ દીવસોમાંના પહેલાં પાંચ દીવસો ઉપર ફ્રામઓતના હાની ક્ષ્નુમન સાથે ભણવું એટલે ફ્રાશ્રઓતના હામાંથી પહેલેથી 'પનામે યઝદાન' થી ભણતાં, આગળ જ્યા એ હા સાત વખત ભણવા લખે છે તે ન ભણતાં, તેની જગાએ લાખનું ઉપલું ભણતર ભણી તે પુરૂં કરી, યથા ૨ યસ્નેમ્ચથી કેરફેહ મોજદ સુધી પાછું ફ્રાશ્રઓતના હામાંથી ભણવું. તેમજ બાકીના પાંચ ગાથાના દીવસોપર ગાથાની ક્ષ્નુમન સાથે લાખનું ભણતર ભણવું એટલે ગાથામાંથી પેહેલેથી 'પનામે યઝદાન' થી ભણતાં, આગળ જ્યાં ગાથાનો હા ભણવાનો શરૂ થાય છે તે ન ભણતાં, ત્યાંથી લાખનું ઉપલું ભણતર શરૂ કરવું અને તે પુરૂં કરી, યથા ૨ યસ્નેમ્ચથી કેરફેહ મોઝદ સુધી પાછું ગાથામાંથી ભણવું. (દરેકે દરેક જણને જીવતાં જીવત પોતાની લાખ ફ્વરદેગાનના દશ દીવસોપર ચાલુ ભણવાનો હોકમ છે, તેમજ એ લાખનું ભણતર ગુજર પામેલાં વ્હાલાંઓ માટે તો ખાસ ભણાય છે. આ "લાખ" નામ એક અસલી ઘણીજ ઉમદા ક્રીયાને આપવામાં આવેલું છે કે જે ક્રીયા હાલમાં સદંતર આપણા વચ્ચેથી ભુલાઈ ગઈ છે, જો કે એ "લાખ" નામ ખુદાના હોકમથી હજી જળવાયલું છે. પાછલી રાતના ઉઠમણાં પછી જે ગાહે ભણાવવાની મરનારનાં પાળકને ફરજ આપવામાં આવે છે, તેમાં મોબેદ સાહેબ પાળક પાસે "એક લાખ, પન્જ સદ અહુનવર" વીગેરે શબ્દો બોલાવે છે, તેમાં જે "એક લાખ" બોલ વપરાય છે, તે ઉપર જણાવ્યા

મુજબ યથા, યેંઘહે હાતાંમ અને અષેમ્ જેવા સૌથી મોતેબર ખુદ પેગમ્બર સાહેબના રચેલા સૌથી અસલી અસરકારક કલામો અમુક **મોટી** સંખ્યામાં ફવરદેગાનના દશ દીવસ લાગટ ભણવાનું ખાસ ભણતરનું મુબારક નામ છે. હાલમાં એ **"એક લાખ"** શબ્દોને તેની પાછળ આવતા "પન્જ સદ અહુરનર" સાથે ભેળી નાંખીને એવો અર્થ ઉઠાવવામાં આવે છે કે મરનારના પાળકે એક લાખ ને પાંચસો યથા અહૂ વઈર્યો તેની નૈયતે ભણવા. પણ તે કાંઈ અસલ **અર્થ** નથી. એ લાખનું ભણતર ઉરવાનની વૃદ્ધિ કરવામાં ઘણુંજ મદદ કરતા છે.)

ફ્રાસ્રઓતનો હા, ગાથાના હા, તેમજ લાખનું ભણતર રોજની ન્યાયશ-યશ્તો ભણી રહ્યા પછી ભણવું, અને છેલ્લે દુઆ નામ સેતાયશ્ને વીગેરે ભણવું. (ફવરદેગાનના દશ દીવસોપર જો વખત ઘણો ન મલે તો રોજની ફરજ્યાત યશ્તો ભણવાની મુકી દઈ**ફ્રાસ્રઓત**નો હા તેમજ **ગાથા** અને **લાખનું ભણતર** તો જરૂર ભણવું)

**જમશેદી નવરોઝપર ભણવાનું ખાસ ફરજ્યાત ભણતરઃ**- જ્યારે સુરજ આખાં વરસની બારે રાશીમાંથી ફરી ફરીને પાછો પેહેલી મેષ રાશીમાં દાખલ થાય છે, તે દીવસે આખી સૃષ્ટિની (જગતની) સાલગ્રેહ પડે છે. તેથી એ સૌથી મહાન સબકતા હીંગામપર ખાસ ફરજ્યાત ભણતર ફરમાવેલું છે, જે નીચે મુજબ છેઃ-

**હાવન ગેહમાંઃ**- ૯ ખોરશેદની અને ૩ મેહેરની નીઆએશ નીચે પ્રમાણે કરવીઃ આપણે જેમ રોજ ૧ ખોરશેદ, ૧ મેહેરની નીઆએશ કરીયે છીયે તેને બદલે પહેલાં સામટી ૩ ખોરશેદ નીઆએશ ભણી જઈ, પછી ૧ મેહેર નીઆએશ ભણી દોઆ વીસ્પ હુમત ૩ વખત ભણવી. આ પ્રમાણે પાછું બધું બીજી વખત ભણવું, અને તેજ પ્રમાણે પાછું બધું ત્રીજી વખત ભણુવું. પછી બીજાું ફરજ્યાત ભણતર બને તેમ ભણવું.

**રપિથ્વન ગેહમાંઃ**- ૬ ખોરશેદ અને ૨ મેહેરની નીઆએશ નીચે પ્રમાણે ભણવીઃ પહેલાં ૩ સામટી ખોરશેદ અને ૧ મેહેર, અને પાછી ૩ સામટી ખોરશેદ અને ૧ મેહેરની નીઆએશ કરવી.

**ઉજીરના ગેહમાંઃ**- પહેલાં ૩ સામટી ખોરશેદ અને ૧ મેહેરની નીઆએશ કરવી.

આ પ્રમાણે ઉપર જણાવ્યા મુજબ ત્રણે ગેહ મળી ૧૮ ખોરશેદ અને ૬ મેહેરની નીઆએશ જરૂરજ ભણવી અને પછીજ બીજાું ભણતર ભણવું. કારણ કે ખોરશેદ યજદના આ નવરોજ મુબારક દીવસના ઉપરથી આવતા સૌથી સરસ પ્રવાહો આ ઉપલાં ભણતરથી આપણને મળવાથી ઉરવાનની વૃદ્ધિમાં આખુ સાલ ઘણોજ ફાયદો થાય છે.

જ્યોતિષ વિદ્યાની ગણત્રી મુજબ સુરજ કયા વખતે મેષ રાશીમાં દાખલ થાય છે તે તપાસીને દરેક ગેહનો અમલ કરવો. તા. ૨૧ મી માર્ચે હાલમાં ફસલી ફોરમજદ રોજ અને ફવરદીન મહીનો શરૂ થાય છે, જેને આપણે જમશેદી નવરોઝ કહીએ છીયે. હવે હોરમઝદ રોજે સહવારના હાવન ગેહમાં જે વખતે સુરજ મેષ રાશીમાં દાખલ થાય તે વખત પછીની ૩૩ મીનીટ જવા બાદ હાવનની કુશ્તી કરી સરોશ બાજ, હાવન ગેહ ભણી લઈ ૯ ખોરશેદ અને ૩ મેહેર ઉપર જણાવ્યા પ્રમાણે માંડવી અને પછી બીજાું બધું જે કાંઈ ભણવું હોય તે ભણી લેવું. એજ પ્રમાણે રપીથ્વન ગેહમાં ૧૨ વાગા પછી ૩૩ મીનીટ જવા દઈને રપીથ્વનની કુસ્તી કરી સરોશ બાજ, રપીથ્વન ગેહ ભણી લઈ, ૬ ખોરશેદ અને ૨ મેહેર ઉપર જણાવ્યા પ્રમાણે ભણવી. એજ પ્રમાણે ઉજીરન ગેહમાં ૩ વાગા પછી ૩૩ મીનીટ જવા દઈને ઉજીરનની કુસ્તી કરી સરોશ બાજ તથા ઉજીરન ગેહ ભણી લઈ ૩ ખોરશેદ ને ૧ મેહેર ભણવી. હવે જો સુરજ હોરમજદ રોજે મેષ રાશીમાં બપોરના રપિથ્વન ગેહમાં દાખલ થતો હોય તો રપિથ્વનની અને પછીની ઉજીરનની ખોરશેદ મેહેર ઉપર જણાવેલી સંખ્યામાં તે ગેહોમાં આપણે ભણી લેવી અને બીજે દીવસે યાને બહમન રોજે સહવારે હાવન ગેહની અંદર ૯ ખોરશેદ અને ૩ મેહેર ઉપર જણાવ્યા પ્રમાણે ભણવી, કારણ કે પહેલે દિવસે હોરમજદ રોજે હાવન ગેહમાં સુરજનો મેષ રાશીમાં દાખલ થવાનો વખત નહીં હતો તેથી બીજે દીવસે હાવનમાં ભણી ત્રણે ગેહોનો સીલસીલો પુરો કરવો. જો હોરમઝદ રોજે ઉજીરનમાં સુરજ મેષ રાશીમાં દાખલ થતો હોય તો ફક્ત ઉજીરનની ૩ ખોરશેદ ૧ મેહેર કરી, બીજે દીવસે બહમન રોજે હાવન અને રપિથ્વનની ખોરશેદ અને મેહેર નીઆએશો ઉપર જણાવેલી સંખ્યામાં ભણવી. જો હોરમજદ રોજે અઈવીસ્રૂથ્રેમ કે ઉશહીન ગેહમાં સુરજ મેષ રાશીમાં

દાખલ થતો હોય, તો હોરમજદ રોજે આ ખાસ ખોરશેદ મેહેરનો સીલસીલો નહી માંડતાં, બીજે દીવસે બહમન રોજે હાવન, રપિથ્વન અને ઉજીરન ગેહમાં ઉપર જણાવેલી સંખ્યામાં ખોરશેદ મેહેરની ન્યાયશો જરૂર માંડવી. મતલબ એ કે કોઈબી રીતે સુરજ મેષ રાશીમાં દાખલ થાય તે પછીજ ઉપર જણાવેલી સંખ્યામાં ખોરશેદ મેહેરનો સીલસીલો કરવો, પછી તે પહેલા દીવસે પુરો થાય કે અધુરો રહીને બીજા દીવસે બહમન રોજે પુરો થાય, યા તો હોરમઝદ રોજે મુદલ ન માંડતા, બહમન રોજે હાવન, રપીથ્વન અને ઉજીરન ગેહમાં પુરો થાય. એજ પ્રમાણે જમશેદી નવરોઝની જશન ક્રીયા પણ ઉપર મુજબ ખુરશેદનો મેષ રાશીમાં દાખલ થવાનો ટાઈમ જોઈનેજ તે તે ગેહમાં માંડવી.

ફ્વરદીન મહીનાના હોરમઝદ રોજથી તે અમરદાદ રોજ સુધી સાત દીવસો સાત અમેશાસ્પંદોની આરાધના કરવાના મોતેબાર દીવસો ગણાય છે, માટે એ સાત દીવસોપર ફરજયાત ભણતર પછી મોટી હપ્તન યશત રોજ જરૂરજ ભણવી. તેમાં યાતુ જી જરથુશ્ત્રનો આખો કરદો છેલ્લા અષેમ્ સાથે સાત વખત જરૂર ભણવો. એ મોટી હપ્તન યશતની બંદગી ગાથાના દિવસ પછી ભણવાની ઘણી ઉત્તમ બંદગી ગણાય છે. વળી આ સાત દીવસોપર હાવન અને અઈવિસ્રૂથ્રેમ ગેહમાં સરોશ બાજમાંનું **સઑષેમ્ અષીમ................. યજમઈદે** વાલું વાકય ૧૨૧ વખત ભણવું.

**ગાથાનાં ભણતર બાબે જાણવા જોગઃ-** પહેલો અહુનવદ ગાથા રોજ ચાલુ ભણવો નહી. ભણવાની જો ખાહેશ હોય તો થોડા દીવસ ભણવો, પછી થોડા દીવસ નહી ભણવો, એમ ખાંચો વચમાં જરૂર નાંખવો. ચાલુ રોજ ભણ્યાથી મનપર ખરાબ અસર થાય છે. યાને પહેલો ગાથા રોજ ચાલુ ભણ્યાથી આપણું ભાન જે જીંદગી દરમ્યાન જાગૃત હાલતમાં રહે છે યાને હોશીયારીમાં રહે છે તેમાં ખલલ થાય છે યાને તે જાગૃત હાલત મંદ થતી જાય છે એટલે આપણી મનની હાલત નબળી પડી આપણું મન શાંત રહેતું નથી. એનું કારણ એ છે કે અહુનવદ ગાથાના સ્તોતની અસરથી ગુજર પામેલાં ઉરવાનના જાગૃત યાને સચેત ભાનને મંદ કરી આવી રીતે આ દુન્યાનાં ખેંચાણમાંથી તે ઉરવાનને મુકત કરવાની એક મહાન ખુબી હોવાથીજ, અહુનવદ ગાથાને સ્તોત યસ્નને કાયદે ગેહસારણાંમા ખાસ લીધેલો છે. ગેહસારણાની ક્રીયા વખતે હમેલદાર બાનુ ત્યાં હાજર નહી જોઈએ, કારણ કે તેના ગર્ભમાંના બાલકને પણ એવુંજ નુકસાન પુગે છે એ આપણામાં જાણીતી વાત છે, તેનું કારણ ઉપર જણાવ્યા મુજબ એજ છે કે ગેહસારણાના અહુનવદ ગાથાના હા ભણવાથી ઉત્પન્ન થતા સ્તોત યાને આણદીઠ રંગોની અસરથી જાગૃત ભાનની હાલત ઘણી મંદ થઈ જાય છે, જે ગુજરેલાં માટે ઘણુંજ સારૂં છે કારણકે તેને આ દુન્યા તરફનાં ખેંચાણમાંથી સદાનું મુક્ત કરવાનું છે, પણ જીવતાં માટે નુકસાનકારક પરીણામ ગણાય. બાકીના ચારે ગાથામાંનો કોઈબી એક ગાથા રોજ ચાલુ ભણે તો કાંઈબી અડચણ નથી. **પાંચમો વહિશ્તોઈશ્ત ગાથા રોજ ભણવો બહુજ સારો છે.**

ગાથાના દીવસો સીવાય બીજા કોઈબી દીવસોપર ગાથા યા રવાનની **નૈયત** લાખ ભણવી હોય તો તે સરોશની ક્ષ્નુમન સાથે ભણવું. ક્ષ્નઑથ્ર અહુરહે **મઝદાઓ અષૅમ્ વૉહૂ ૩. ફ્વરાને મઝદયસ્નો.....** (જે ગેહ હોય તે) પછી **યથા (૧) સુધી સરોશ** બાજ **ભણવી. હવે 'કેમ્ના મજ્દા** નહી ભણતાં, તેની જગાએ **"નેમો વે ગાથાઓ અષઑનિશ"** શબ્દોથી ગાથા ભણવાનું **શરૂ** કરી છેવટે બાજમાં પઢવાનું પઢી **યથા** (૨) થી સરોશ બાજનો બાકીનો ભાગ **'કૅરફ્રેહ્ મોઝ્દ'** સુધીનો ભાગ ભણી જવો. તેમજ લાખના યથા, યેંઘહે હાતાંમ, અને અષૅમ્ પણ ઉપર મુજબજ **કેમ્ના મજ્દાની** જગાએ ભણી છેવટે **૨ યથાથી સરોશ** બાજનો ભાગ **'કૅર્‌ફ્રેહ્ મોઝ્દ'** સુધી ભણી જવો (રવાનની નૈયતે લાખ ભણતાં, ભણતરમાં છેલ્લે "અહમાઈ રએશ્ચ" જો છોડી દેવાનું છે વગેરે તે ધ્યાનમાં રાખવું).

**અવસ્તા માંથ્રવાણીના ભણતરનો ગેહ તેમજ પ્રસંગ સાથનો સંબંધઃ-** ખોરશેદ, મેહેર અને આવાંની નીઆએશ હાવન, રપિથ્વન યા બીજી હાવન ને ઉજીરન ગેહમાંજ માત્ર ભણી શકાય છે. એ નીઆએશો અઈવીસ્રૂથ્રેમ-ઉશહીનમાં સાધારણ શખ્સે કદી ભણવી નહી.

**આતશ અને માહાબોખ્તારની નીઆએશ** દરેક ગેહમાં ભણી શકાય છે.

**ખોરશેદ યશ્ત, મેહેર યશ્ત, તથા આવાં યશ્ત હાવન રપિથ્વન** યા બીજી હાવન તેમજ ઉજીરન ગેહમાંજ ભણાય છે. **સરોશ વડી રાતની** ફક્ત રાતનાજ અઈવીસ્રૂથ્રેમ

ગેહમાં ભણવી. વળી **સરોશ યશ્ત હાદોખ્ત** અઈવીસ્રૂથ્રેમ ગેહમાં તેમજ ઉશહીન ગેહમાં રાતે ૩ વાગા સુધી કદી ભણવી નહી. એ સિવાયની બધી યશ્તો કોઈબી ગેહમાં ભણાય છે.

**હોરમજદ, અરદીબેહેશ્ત અને સરોશ હાદોખ્ત** હાવન, રપિથ્વન યા બીજી હાવન અને ઉજીરન ગેહમાં ત્રણે સાથે ઉપલા અનુક્રમે ભણવાને ફરજ્યાત બંદગી તરીકે ગણેલી છે, માટે બનતાં સુધી ત્રણે સાથે જરૂર ભણવી; એના વગર ફરજ્યાત બંદગી અધુરી ગણાય છે.

**પતેત પશેમાની** કોઈબી ગેહમાં ભણતરને છેડે દોઆ તનદુરસ્તીની અગાઉ ભણવી. **પતેત રવાનની યા પતેત ઈરાની રવાંનની** તનદુરસ્તી ભણ્યા પછી છેક છેલ્લે કોઈબી ગેહમાં ભણવી. રવાનની પતેત મરણના પહેલાં ૩ દીવસો એટલે કે ચાહારૂમની બામદાદ સુધી નહીજ ભણવી, તેમજ બર-વક્તના ફ્વરદેગાનના પહેલા દશ દીવસો એટલે સ્પંદારમદ મહીનાના આશ્તાદ રોજથી તે છેલ્લા વહીશ્તોઈશ્ત ગાથા સુધી કદી ભણવી નહી. (એનો ખુલાસો આગળ આપવામાં આવ્યો છે, તે વાંચવો)

**આવાંની નીઆએશ યા યશ્ત** જો રોજ ભણવાને નહી બને તો દરેક મહીનાના સ્પેન્દારમદ, દીન, અશીશવંઘ અને મારેસ્પંદ આ પાંચ રોજે જરૂરજ ભણવી. આવાં મહીનામાં બને તો રોજની આવાં નીઆએશ યા આવાં યશ્ત ભણી, પાછી આદર મહીનામાં પહેલા દસ દીવસ તેજ પ્રમાણે ભણી ૪૦ દીવસ સુધી અમલ કરવો ઘણો ફાયદાકારક છે (તનદુરસ્તી માટે તેમજ દરૂજીથી બચાવ કરવા માટે, અને પાકીજગી મેળવવા માટે).

**માહાબોખ્તારની નીઆએશ** જો રોજ ભણવાને નહી બને તો અમાસ, ચાંદરાત અને પુનમ આ ત્રણ દીવસોપર જરૂરજ ભણવી.

**આતશની નીઆએશ** જો રોજ ભણવાને નહી બને તો દર મહીનાના હોરમજદ, અરદીબેહશ્ત, આદર, સરોશ અને બેહેરામ જે પાંચે મોટા હમકારા છે તે દીવસોપર જરૂરજ ભણવી. અઈવીસ્રુથ્રેમ ગેહમાં સરોશ યશ્ત વડી પછી આતશની ન્યાયશ રોજ જરૂર ભણવી.

ચારે દીશાનો નમસ્કાર દરેક ગેહમાં ભણાય છે પેહેલાં દક્ષિણ દીશાએ, પછી પુર્વ, પછી પશ્ચિમે અને છેલ્લે ઉત્તર દિશાએ એમ અનુક્રમે મોહંડુ કરીને ભણવો. દરેક દીશાએ અહમાઈ રએશ્ચ, હઝંઘરેમ, જસમે અવંઘહે મઝદ અને કેરફેહ મોઝદ એમ બધું જરૂર ભણવું, નહી તો તે નમસ્કાર અધુરો કહેવાય છે.

ઝાડપાન, પર્વત ગોસ્પંદ, દોખ્મા તેમજ નદી, કુવા, ઝરા, યા મહાસાગરના પાણી પર દરરોજ પેહેલીજ નજર પડતાં તેને લગતો નમસ્કાર દીવસમાં એકવાર જરૂર ભણવો.

**ચેરાગનો નમસ્કાર** સુરજ અસ્ત પામ્યા પછી બતી થતાંજ તેની સામે તુરત મનમાં ભણી લેવો. છેલ્લાં તેની સાથે ૧૦ અષેમ વોહૂ તેના મીથ્ર સાથે ભણવી. અઈવીસ્રૂથ્રેમ-ઉશહીનનું ભણતર માંડતાં ચેરાગનો નમસ્કાર પઢવો. **મુકતાદનો નમસ્કર** ફક્ત મુકતાદ આગળ આસ્તાદ રોજથી તે છેલ્લા ગાથા સુધી ફક્ત દશ દીવસજ કરવો.

**દાદર હોરમજદના ૧૦૧ સેફાતી નામો** દોઆ તનદુરસ્તીની આગમચ કુશાદે યાને ખુલ્લા સાદે ભણવા.

ગાથા ભણવાનો સૌથી મુબારક વખત ઉશહીન ગેહ છે અને પછીનો બીજો વખત હાવન ગેહ છે. એ બે ગેહોમાં બનતાં સુધી જરૂર ભણી લેવો. એજ મુજબ **નીરંગ-ઈસ્મ** ભણવા માટે ઉશહીન અને હાવન ગેહો મુબારક છે.

ગુજરેલાંની નેયતે કાંઈપણ ભણવું હોય તો આપણી ફરજ્યાત બંદગી તમામ દોઆ તનદુરસ્તી સુધી ભણ્યા પછી છેક છેલ્લાં માંડવું.

હાવન, રપિથ્વન યા બીજી હાવન અને ઉજીરન ગેહમાં પહેલાં **ખોરશેદ મહેરેની ફરજ્યાત નીઆએશ કર્યા વગર કોઈબી બીજાું ભણતર ભણાય નહી**, તેમજ રાતના પણ **સરોશ યશ્ત રાતની** વડી જે ફરજ્યાત ભણતર છે તે કીધા વગર કોઈબી નીઆએશ યા યશ્ત ભણાય નહી.

કેટલાક મોબેદો દીવસના તેમજ રાતના પોતાની ફરજ્યાંત બંદગી કર્યા વગર ગુજરેલાં રવાનની ક્રીયાનું ભણતર ભણે છે તે તદન નારવા છે. ફક્ત ચેહારમના દહમના આફ્રીન્ગાન વખતે કે ત્રણ દીવસના સરોશનાં પાતરાં વખતે પોતીકી ફક્ત સરોશ બાજ અને ગેહની ફરજ્યાત કરી ગુજરેલાંની ક્રીયા કરવાનો હુકમ છે, કારણ કે તે વખતે બે ૩૬ મીનીટના મહાન અરસાઓ-હાવનની હોશબામ યાને મેહેરનો વખત તેમજ અઈવીસ્રૂથ્રેમની ગાશેકની વખત એ ક્રીયાઓ માટે જરૂરના છે.

– **બમનજી રીવેતના**